# બનાસકાંઠામાં બુકીઓ બેફામ બન્યા : પોલીસ નિષ્ક્રિય

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા સહિત ગ્રામીણ વિસ્તારોમાં આઈ.પી.એલ.ની મેચોનો સટ્ટો બેરોકટોકપણે રમાઈ રહ્યો છે. બુકીઓએ જાણે નવી પેઢીના યુવાનોને મેચના સટ્ટા રમાડીને મેચના સેશનની આદત પાડી દીધી છે.

આઈ.પી.એલ.ની મેચ દરમિયાન ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બુકીઓને આ સિઝનમાં સૌ પ્રથમ પાલનપુર પોલીસે રેડ પાડી ઝડપી પાડ્યા હતા. પોલીસે રેડને પગલે નાન ાબુકીઓ અને પંટરો શહેરો દોડી ભાગી છુટ્યા હતા અને પોલીસથી બચવા ફાર્મ હાઉસ તેમજ ખેતરમાં બનાવેલ ઘર તરફ વળ્યા હતા. બાદમાં પોલીસની ઘોંસ ઓછી થતાં બુકીઓ પાછા શહેરમાં આવીને પોતાનો કારોબાર ચલાવે છે. શહેરના રહેમાંક વિસ્તારો, ફાર્મ હાઉસો, ખેતરોમાં મેચ દીઠ મોટી રકમ ચૂકવીને સેશન લખે છે અને સટ્ટો રમાડાય છે. શોર્ટકટ રસ્તો અપનાવી પૈસાદાર થવા માગતાં યુવકો જ બુકીઓ બનીને આ ધંધો કરી રહ્યા છે. હાલમાં હાઈ પ્રોફાઈલ આઈપીએલમાં સ્પોટ ફિકસીંગનો મામલો સામે આવતા બુકી અને ગ્રાહકોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.



**શહેર વચ્ચે વહેતુ દૂધનું ઝરણું :** કહેવાય છે કે એક સમયે ભારતમાં દૂધની નદીઓ વહેતી હતી... પરંતુ કાળક્રમે આજે પાણીની નદીઓ પણ સુકાઈ ગઈ છે... ત્યારે આજે વહેલી સવારે અમદાવાદમાં અચાનક દૂધની નદી વહેવા લાગી હતી. વાત જાણે એમ બની હતી કે વિજયનગર ચાર રસ્તા નજીક અમુલ દૂધની વાન-લકઝરી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં અમૂલવાન પલ્ટી ખાઈ જતા વાનમાં રહેલ દૂધ રસ્તા ઉપર વહેવા લાગ્યું હતું. જેનાં કારણે થોડા સમય માટે શહેરમાં દૂધનું નવું ઝરણું પ્રગટ્યુ હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું. ઉપસ્થિત સ્થાનિક લોકો પણ દૂધની વહેતી નદીમાં હાથ ધોઈ લેવા માંગતા હોય તેમ એકાદ ડોલ દૂધની ભરી લીધી હતી.

## ચેરમેન પદે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાથ ધરી હતી. જેમાં ભાજપ તરફથી શ્રી આશિષ દવેના નામની દરખાસ્ત રજુ થઈ હતી જ્યારે કોંગ્રેસ તરફથી શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાના નામની દરખાસ્ત રજુ કરાઈ હતી.

બે દરખાસ્તો રજુ થતાં મતદાનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં ભાજપની તરફેણમાં સાત અને કોંગ્રેસની તરફેણમાં પાંચ મત પડ્યા હતા. આમ ભાજપના શ્રી આશિષ દવેને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

શ્રી આશિષ દવે વોર્ડ નં. ૧૧માંથી વિજયી થઈને આવ્યા છે. પ્રથમ બેઠકથી જ તેઓ આક્રમક સભ્ય તરીકેની છાપ ઉભી કરી અને પ્રશ્નોની ધારદાર રજુઆત કરતા રહ્યા છે. શ્રી આશિષ દવે યુવાન અને સર્વસ્વીકૃત ઉમેદવાર હોવાનું ભાજપના સૂત્રોએ જણાવ્યું છે.

## સમીક્ષા કરવામાં આવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ વિપક્ષમાં છે અને પાટનગરના વિકાસમાં અમે સૌને સાથે લઈ ચાલવાની વાત કરી છે તેમાં વિપક્ષ કોંગ્રેસના મિત્રોનો પણ સમાવેશ થાય જ છે.

નવનિયુક્ત થયેલા સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવેને મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, વિપક્ષના નેતા શ્રી મનુભાઈ પટેલ, સાથી કાઉન્સીલરો શ્રી સુરેશ મહેતા, શ્રી સંદીપ જ્યોતિકર, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શ્રી પ્રકાશ પટેલ, શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રીમતિ પ્રવિણાબેન દરજી, શ્રીમતિ પરાગી પંડ્યા, શ્રીમતિ રમીલાબેન પરમાર, શ્રીમતિ જાગૃતિબેન પુરોહિત સહિત શહેર ભાજપાના શ્રી કેતન પટેલ, શ્રી અતુલભાઈ, શ્રી મહિપતભાઈ સહિત મહાનુભાવોએ હાર પહેરાવી સન્માન કર્યું હતું અને શુભેચ્છા પાઠવી હતી.

## દૂષિત પાણીનો ભરાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુભવવી પડે છે. જ્યારે ગટરોની ફરિયાદોનું નિરાકરણ પણ સમયસર ન આવતા સેકટરવાસીઓએ લાચાર સ્થિતિમાં મુકાવવું પડે છે. રહેણાંક વિસ્તારની સાથે શહેરની સરકારી કચેરીઓના સંકુલમાં પણ છાશવારે ગટરના દૂષિત પાણીનો ભરાવો થતો હોવાનું ધ્યાને આવે છે. હાલ નવા સચિવાલય સંકુલમાં પણ આવી જ સ્થિતિ છે. સરકારનું મંત્રીમંડળ જ્યાં બેસે છે તેનાથી બે ડગલા દૂર ગંદકીના થર જામ્યા છે. નિર્મળનગરની સુફીયાણી વાતો છોડતા સત્તાધીશોની નજર સામે જ ગટરના દૂષિત પાણીનો ભરાવો થયો છે. નવા સચિવાલયમાં સ્થિત બ્લોક નં. ૩ માં ભોંયતળિયા પાસે ગંદુપાણી ભરાયું છે. છેલ્લા ૧૦ દિવસથી આ દૂષિત પાણીનો ભરાવો થતાં પ્રવર્તતી ગંદકીના લીધે અસહ્ય દુર્ગંધથી કર્મચારીઓ પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. જ્યારે સ્થળ પર ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ પણ મોઢે રૂમાલ રાખી ઉભેલા નજરે પડે છે. આ બ્લોકના ત્રીજા મજલે કેન્ટીન પણ આવેલી છે. દૂષિત પાણીના ભરાવાના લીધે જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. છેલ્લા દસ દિવસના અંતે પણ તંત્રના જવાબદાર અધિકારીઓએ સમસ્યા નિવારવા કોઈ પગલા લીધા નથી.

## ઈ-પેમેન્ટની નવી પ્રથા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. જે આ સપ્તાહના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે.

જિલ્લામાં પેન્શનર્સને આ મહિને ઈ.પેમેન્ટથી પેમેન્ટ કરવામાં આવ્યું છે. પણ તેમાં થોડાક પ્રશ્નો ઉભા થતાં સ્ટેટ બેંક સાથે અધિકારી કક્ષાએ બેઠક પણ થઈ ગઈ છે. હવે આ મહિનાથી તમામ પેન્શનર્સ અને તિજોરી કચેરીના તમામ કર્મચારીઓને ઈ.પેમેન્ટથી પેમેન્ટ આપવામાં આવશે. આજે જિલ્લાના અધિકારીઓને આ માટે ખાસ તાલિમ પણ આપવામાં આવી હતી.

નાણાં વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે આ ઈ.પેમેન્ટના પાયલોટ પ્રોજેક્ટની સાથે સાથે રાજ્ય સરકાર દ્વારા દાવાઓની ચૂકવણી પણ ઈ. પેમેન્ટથી કરવાનું પણ સૈદ્ધાંતિક રીતે સ્વીકારી લીધુ છે. જો કે ઈ.પેમેન્ટ પ્રથા તબક્કાવાર અમલી બનાવવામાં આવનાર હોવાથી તેમાં કોઈ પ્રશ્નો ઉભા થશે નહિ.

ઈ.પેમેન્ટના પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણ માટે કર્મચારી અધિકારીના પગાર ભથ્થા અને આનુસંગિક ચુકવણા તથા તેના અંગત દાવાઓ જેવા કે ટી.એ. બિલ, જીપીએફ બિલ વગેરે તેમજ પેન્શનર્સના પેન્શનના ચૂકવણા અને આનુસંગિક ચૂકવણા, સરકારી યોજનાઓના લાભાર્થી, સરકારી કામકાજમાં સેવા/ માલસામાન પુરો પાડનાર ત્રાહિત વ્યક્તી/પેઢીઓના ચુકવણાં પણ ઈ.પેમેન્ટથી જ કરવામાં આવશે.

રાજ્ય સરકારે તેની હિસાબની પદ્ધતિને વધુ પારદર્શી બનાવવાની પ્રજાને ખાતરી આપી હતી. અને તેથી હવે આ દિશામાં સરકાર આગળ વધી રહી હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે.

રાજ્ય સરકાર પેપરલેસ એડમેનીસ્ટ્રેશન માટે જે નવા નવા પગલાં લઈ રહી છે તે પૈકીનું આ બીજુ મહત્વનું કદમ હોવાનું જણાવતાં સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે કે વહીવટીય ક્ષેત્રે જે મહત્વના ફેરફારો છેલ્લા પાંચ વર્ષમાં કરી કોમ્પ્યુટરાઈઝેશન કરાયું છે તે પછી આ ઈ.પેમેન્ટ એ બીજુ મહત્વનું કદમ છે. આ ઈ.પેમેન્ટ પ્રથામાં સંપૂર્ણ પારદર્શી છે તેવાં કોઈ જ ગોટાળા થવાનો કે તેમાં એક વખત બિલ બનાવવા બાદ તેમાં ફેરફાર થવાની કોઈ જ શક્યતાઓ છે નહિ. ઈ.ટ્રેઝરી કન્સેપ્ટ અંગે તત્કાલીન નાણાંમંત્રીશ્રી વજુભાઈ વાળાએ ૨૦૧૦ના બજેટ પ્રવચનમાં જ નિર્દેશ આપી દીધો હતો તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

### ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓનો સમાવેશ

# પછાત વર્ગોના વિદ્યાર્થીઓને મફતમાં પાઠ્યપુસ્તકો મળશે

### તમામ સરકારી-બિનસરકારી ગ્રાન્ટઈનએઈડ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ

અમદાવાદ, તા.૧૭

રાજ્યની તમામ સરકારી અને બીનસરકારી ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમોના ધોરણ-૯થી ૧૨માં ભણતા અંદાજે ૧૨ લાખ જેટલા વિદ્યાર્થીઓને તેમનાં વાલીની વાર્ષિક આવકની મર્યાદાને ધ્યાને લીધા વિના વિનામુલ્યે, સરળતાથી પાઠ્યપુસ્તકો મળી રહે તેવો મહત્વનો નિર્ણય શિક્ષણ વિભાગે લીધો છે. અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષીપંચના વિદ્યાર્થીઓ કે જેઓ આર્થિ દષ્ટિએ પછાત હોવાથી પાઠ્યપુસ્તકોનો બોજો આવા પરિવારો પર ન પડે તે માટે શિક્ષણ વિભાગે ચાલુ વર્ષના બજેટમાં રૂા. ૭૨.૮૨ કરોડની જોગવાઈ કરીને આ વિદ્યાર્થીઓને પુસ્તકો આપવાનો નિર્ણય લીધો છે.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે રાજ્યના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓના વિશાળ જનહિતને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય ધોરણ-૯થી ૧૨ના પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓને વિના મુલ્યે અને સમયસર મળી રહેવાના હોવાથી આવા વિદ્યાર્થીઓના માતા-પિતા અને વાલીઓને બજારમાંથી પુસ્તકો નહીં ખરીદવા વિનંતી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની ઈ.ડી.એન. અંગેની ખાસ અંગભૂત યોજના અન્વયે સરકારી અને બીનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના વિદ્યાર્થીઓની વાર્ષિક આવક ધ્યાનમાં લઈ પાઠ્યપુસ્તકો આપવાની યોજના અમલમાં હતી.

પરિણામે અનેક વિદ્યાર્થીઓ આ લાભથી વંચિત રહેતા હતા. તેને ધ્યાનમાં લઈ રાજ્યના આવા તમામ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળે તે હેતુથી શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં આ મહત્વનો નિર્ણય લીધો છે. આ યોજના અન્વયે ચાલુ વર્ષે સરકારી અને અનુદાનિત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરતા ઉપરોક્ત વિદ્યાર્થીઓને શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા જ જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીઓ ખાતે પાઠ્યપુસ્તકો મોકલી આપવાનું આયોજન ગુજરાત રાજ્ય સાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરે કરેલ છે.

## આવતીકાલે મદિના મસ્જીદે આમ વાયઝ ફરમાવશે

ગાંધીનગર, તા. ૧૭

હિન્દલવલી ખ્વાજા ગરીબ નવાઝના ઉર્સ પ્રસંગે સેક્ટર-૨૯ની મદિના મસ્જીદ સામે આવતીકાલે તા. ૧૯મી મે-૨૦૧૩ને રવિવારની રાત્રે ઈશાની નમાઝ બાદ હઝરત મોહમ્મદ ઈકબાલ અશરફી (મીની હાસમી સાબ) ગરીબ નવાજ ઉપર વાયઝ ફરમાવશે. મદની યંગ કમિટી અને હાફીઝ ગુલામ રસુલ અશરફીએ તમામ મુસ્લીમ બિરાદરોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવ્યું છે.


KALPA-TARU®

# KALPATARU POWER TRANSMISSION LTD.

REGD. OFFICE : 101, PART-III, G.I.D.C. ESTATE, SECTOR - 28, GANDHINAGAR-382028.

## AUDITED FINANCIAL RESULTS FOR THE YEAR ENDED 31ST MARCH, 2013 (₹ in Lacs)

| Sr. No. | Particulars | Standalone – For Quarter Ended 31/3/2013 (Unaudited) | 31/12/2012 (Unaudited) | 31/3/2012 (Unaudited) | Standalone – For Year Ended 31/3/2013 (Audited) | 31/3/2012 (Audited) | Consolidated – For Year Ended 31/3/2013 (Audited) | 31/3/2012 (Audited) |
|---|---|---|---|---|---|---|---|---|
| | PART-I STATEMENT OF FINANCIAL RESULTS | | | | | | | |
| 1 | Income from Operations | | | | | | | |
| | (a) Net Sales/Income from Operations (Net of Excise duty) | 101,161 | 87,866 | 1,06,027 | 328,591 | 2,98,662 | 603,554 | 5,25,591 |
| | (b) Other Operating Income | 1,999 | 1,101 | 135 | 4,949 | 4,610 | 4,949 | 4,610 |
| | **Total Income from Operations (net)** | **103,160** | **88,967** | **1,06,162** | **333,540** | **3,03,272** | **608,503** | **5,30,201** |
| 2 | Expenses | | | | | | | |
| | (a) Cost of materials consumed | 46,472 | 42,919 | 53,733 | 164,918 | 1,48,858 | 271,384 | 2,45,975 |
| | (b) Purchase of stock-in-trade | - | - | - | - | - | - | |
| | (c) Changes in inventories of finished goods, Work-in-Progress and Stock-in-trade | (1,684) | (645) | 1,379 | (8,008) | 1,337 | (13,463) | (4,087) |
| | (d) Erection & Sub-Contracting Expenses | 28,928 | 23,311 | 25,933 | 85,508 | 73,564 | 210,742 | 1,62,091 |
| | (e) Employee Benefits Expense | 6,153 | 5,322 | 4,916 | 20,064 | 17,023 | 36,189 | 32,227 |
| | (f) Depreciation & Amortisation Expense | 1,413 | 1,347 | 1,218 | 5,225 | 4,810 | 12,236 | 9,859 |
| | (g) Other Expenditure | 13,320 | 9,202 | 10,904 | 38,850 | 29,565 | 56,203 | 43,972 |
| | **Total Expenses :** | **94,602** | **81,456** | **98,083** | **306,557** | **2,75,157** | **573,291** | **4,90,037** |
| 3 | Profit/(Loss) from Operations before Other Income, finance cost and Exceptional Items (1-2) | 8,558 | 7,511 | 8,079 | 26,983 | 28,115 | 35,212 | 40,164 |
| 4 | Other Income | 1,101 | 995 | 1,387 | 4,772 | 5,118 | 3,567 | 3,293 |
| 5 | Profit/(loss) from ordinary activities before finance cost and Exceptional Items (3+4) | 9,659 | 8,506 | 9,466 | 31,755 | 33,233 | 38,779 | 43,457 |
| 6 | Finance Costs | 3,017 | 3,473 | 2,293 | 12,201 | 10,825 | 19,379 | 15,712 |
| 7 | Profit/(Loss) from ordinary activities after finance cost but before Exceptional Items (5-6) | 6,642 | 5,033 | 7,173 | 19,554 | 22,408 | 19,400 | 27,745 |
| 8 | Exceptional Items | - | - | - | - | - | - | - |
| 9 | Profit/(Loss) from Ordinary Activities before Tax (7-8) | 6,642 | 5,033 | 7,173 | 19,554 | 22,408 | 19,400 | 27,745 |
| 10 | Tax Expense | 1,779 | 1,520 | 1,498 | 5,789 | 5,918 | 5,951 | 7,348 |
| 11 | Net Profit /(Loss) from Ordinary Activities after Tax (9-10) | 4,863 | 3,513 | 5,675 | 13,765 | 16,490 | 13,449 | 20,397 |
| 12 | Extraordinary Items (net of tax expense ₹ in lacs) | - | - | - | - | - | - | - |
| 13 | **Net Profit(+)/Loss(-) for the period (11-12)** | **4,863** | **3,513** | **5,675** | **13,765** | **16,490** | **13,449** | **20,397** |
| 14 | Share of profit/(loss) of associates | | | | | | | |
| 15 | Minority Interest | - | - | - | - | - | 499 | 1,530 |
| 16 | Net Profit/(Loss) after taxes, Minority Interest and share of profit/(loss) of associate (13+14+15 ) | 4,863 | 3,513 | 5,675 | 13,765 | 16,490 | 12,950 | 18,867 |
| 17 | Paid Up Equity Share Capital (Face Value of ₹ 2/- each) | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| 18 | Reserve excluding Revaluation Reserves as per Balance sheet of previous accounting year | - | - | - | 1,81,534 | 1,71,186 | 1,91,626 | 1,82,035 |
| 19.i | Earnings Per Share (EPS) (before extraordinary items of ₹ 2 each) (not annualised) | | | | | | | |
| | a) Basic | 3.17 | 2.29 | 3.70 | 8.97 | 10.75 | 8.44 | 12.29 |
| | b) Diluted | 3.17 | 2.29 | 3.70 | 8.97 | 10.75 | 8.44 | 12.29 |
| 19.ii | Earnings Per Share (EPS) (after extraordinary items of ₹ 2 each) (not annualised) | | | | | | | |
| | a) Basic | 3.17 | 2.29 | 3.70 | 8.97 | 10.75 | 8.44 | 12.29 |
| | b) Diluted | 3.17 | 2.29 | 3.70 | 8.97 | 10.75 | 8.44 | 12.29 |
| 20 | Debt Equity Ratio | NA | NA | NA | 0.32 | 0.28 | - | - |
| 21 | Debt Service Coverage Ratio (DSCR) | NA | NA | NA | 2.18 | 3.01 | - | - |
| 22 | Interest Service Coverage Ratio (ISCR) | NA | NA | NA | 2.67 | 3.22 | - | - |
| | **PART-II Select Information for the Quarter and Year Ended 31/03/2013** | | | | | | | |
| A | PARTICULARS OF SHAREHOLDING | | | | | | | |
| 1 | Public Shareholding | | | | | | | |
| | No. of Shares | 6,48,07,755 | 6,48,98,708 | 6,78,09,244 | 6,48,07,755 | 6,78,09,244 | 6,48,07,755 | 6,78,09,244 |
| | Percentage (%) of Shareholding | 42.23 | 42.29 | 44.19 | 42.23 | 44.19 | 42.23 | 44.19 |
| 2 | Promoters and Promoter Group Shareholding | | | | | | | |
| | a) Pledge/Encumbered | | | | | | | |
| | No. of Shares | 2,94,15,000 | 3,09,15,000 | 3,74,75,000 | 2,94,15,000 | 3,74,75,000 | 2,94,15,000 | 3,74,75,000 |
| | - Percentage of Shares (as a % of the total Shareholding of promoter and promoter group) | 33.18 | 34.91 | 43.75 | 33.18 | 43.75 | 33.18 | 43.75 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 19.17 | 20.15 | 24.42 | 19.17 | 24.42 | 19.17 | 24.42 |
| | b) Non-encumbered | | | | | | | |
| | No. of Shares | 5,92,37,815 | 5,76,46,862 | 4,81,76,326 | 5,92,37,815 | 4,81,76,326 | 5,92,37,815 | 4,81,76,326 |
| | - Percentage of Shares (as a % of the total Shareholding of promoter and promoter group) | 66.82 | 65.09 | 56.25 | 66.82 | 56.25 | 66.82 | 56.25 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 38.60 | 37.56 | 31.39 | 38.60 | 31.39 | 38.60 | 31.39 |

| | Particulars | 3 Months ended 31/3/2013 |
|---|---|---|
| B | INVESTOR COMPLAINTS | |
| | Pending at the beginning of the quarter | Nil |
| | Received during the quarter | 2 |
| | Disposed of during the quarter | 2 |
| | Remaining unresolved at the end of the quarter | Nil |

## SEGMENT WISE REVENUE, RESULTS & CAPITAL EMPLOYED FOR THE QUARTER & YEAR ENDED 31ST MARCH, 2013 (₹ in Lacs)

| Sr. No. | Particulars | Standalone – For Quarter Ended 31/3/2013 (Unaudited) | 31/12/2012 (Unaudited) | 31/3/2012 (Unaudited) | Standalone – For Year Ended 31/3/2013 (Audited) | 31/3/2012 (Audited) | Consolidated – For Year Ended 31/3/2013 (Audited) | 31/3/2012 (Audited) |
|---|---|---|---|---|---|---|---|---|
| A | **Segment Revenue** | | | | | | | |
| | a) Transmission & Distribution | 90,911 | 80,324 | 93,155 | 295,693 | 264,052 | 287,880 | 263,908 |
| | b) Infrastructure EPC | 10,737 | 7,127 | 11,520 | 32,436 | 33,875 | 32,436 | 33,875 |
| | c) Construction | - | - | - | - | - | 254,366 | 205,964 |
| | d) Others | 1,512 | 1,516 | 1,487 | 5,411 | 5,345 | 33,821 | 26,454 |
| | TOTAL: | **103,160** | **88,967** | **106,162** | **333,540** | **303,272** | **608,503** | **530,201** |
| | Less: Inter Segment Revenue | - | - | - | - | - | - | - |
| | **Net Sales/Income from Operations** | **103,160** | **88,967** | **106,162** | **333,540** | **303,272** | **608,503** | **530,201** |
| B | **Segment Results** [Profit (+) / Loss (-) before Tax & Finance cost] | | | | | | | |
| | a) Transmission & Distribution | 9,078 | 7,300 | 7,361 | 27,097 | 26,325 | 27,097 | 27,032 |
| | b) Infrastructure EPC | (671) | 5 | 974 | (126) | 1,925 | (126) | 1,925 |
| | c) Construction | - | - | - | - | - | 5,946 | 10,480 |
| | d) Others | 142 | 202 | 78 | 189 | 338 | 5,362 | 2,768 |
| | Total: | **8,549** | **7,507** | **8,413** | **27,160** | **28,588** | **38,279** | **42,205** |
| | Less : Finance Cost | 3,017 | 3,473 | 2,293 | 12,201 | 10,825 | 19,379 | 15,712 |
| | Add : Other un-allocable income net off un-allocable expenditure | 1,110 | 999 | 1,053 | 4,595 | 4,645 | 500 | 1,252 |
| | **Total Profit Before Tax** | **6,642** | **5,033** | **7,173** | **19,554** | **22,408** | **19,400** | **27,745** |
| C | **Capital Employed** [Segment Assets - Segment Liabilities] | | | | | | | |
| | a) Transmission & Distribution | 123,724 | 149,741 | 108,494 | 123,724 | 108,494 | 122,429 | 110,594 |
| | b) Infrastructure EPC | 36,538 | 37,496 | 32,486 | 36,538 | 32,486 | 36,538 | 32,486 |
| | c) Construction | - | - | - | - | - | 131,989 | 85,266 |
| | d) Others | 6,225 | 7,227 | 8,516 | 6,225 | 8,516 | 100,096 | 85,747 |
| | e) Unallocable | 77,745 | 72,973 | 72,635 | 77,745 | 72,635 | 1,153 | 12,311 |
| | TOTAL | **244,232** | **267,437** | **222,131** | **244,232** | **222,131** | **392,205** | **326,404** |

**Statement of Assets and Liabilities.** (₹ in Lacs)

| | Particulars | Standalone (Audited) As at 31/3/2013 | Standalone (Audited) As at 31/3/2012 | Consolidated (Audited) As at 31/3/2013 | Consolidated (Audited) As at 31/3/2012 |
|---|---|---|---|---|---|
| A | **EQUITY AND LIABILITIES** | | | | |
| 1 | **Shareholders' Fund** | | | | |
| | (a) Share Capital | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| | (b) Reserve and Surplus | 181,565 | 171,222 | 191,657 | 182,071 |
| | (c) Money received against share warrants | - | - | - | - |
| | **Sub-total-Shareholders' funds** | **184,634** | **174,291** | **194,726** | **185,140** |
| 2 | **Share Application Money Pending Allotment** | - | - | - | - |
| 3 | **Minority Interest** | - | - | 13,161 | 12,857 |
| 4 | **Non-Current Liabilities** | | | | |
| | (a) Long term borrowings | 15,261 | 20,962 | 107,146 | 77,767 |
| | (b) Deferred tax liabilities (net) | 1,181 | 982 | (243) | 295 |
| | (c ) Other long term liabilities | 69 | 95 | 10,629 | 2,491 |
| | (d) Long term provisions | 6,692 | 6,188 | 10,227 | 8,786 |
| | **Sub-total-Non-current liabilities** | **23,203** | **28,227** | **127,759** | **89,339** |
| 5 | **Current Liabilities** | | | | |
| | (a) Short-term borrowings | 37,969 | 23,772 | 59,750 | 37,925 |
| | (b) Trade payables | 119,441 | 104,848 | 172,499 | 145,433 |
| | (c ) Other current liabilities | 43,142 | 26,071 | 62,618 | 49,401 |
| | (d) Short-term provisions | 7,473 | 7,912 | 8,615 | 8,827 |
| | **Sub-total-Current liabilities** | **208,025** | **162,603** | **303,482** | **241,586** |
| | **TOTAL - EQUITY AND LIABILITIES** | **415,862** | **365,121** | **639,128** | **528,922** |
| B | **ASSETS** | | | | |
| 1 | **Non-Current Assets** | | | | |
| | (a) Fixed Assets | 53,865 | 45,288 | 231,770 | 149,545 |
| | (b) Goodwill on consolidation | - | - | 2,017 | 2,017 |
| | (c) Non-Current investments | 33,392 | 32,880 | 761 | 751 |
| | (d) Long term loans and advances | 54,193 | 35,259 | 15,467 | 13,239 |
| | (e) Other non-current assets | 5,527 | 5,902 | 11,498 | 11,210 |
| | **Sub-total-Non-Current assets** | **146,977** | **119,329** | **261,513** | **176,762** |
| 2 | **Current Assets** | | | | |
| | (a) Current investments | 115 | 7,614 | 354 | 7,614 |
| | (b) Inventories | 44,397 | 32,115 | 92,187 | 71,776 |
| | (c ) Trade receivables | 128,790 | 126,251 | 147,436 | 159,276 |
| | (d) Cash and cash equivalents | 5,690 | 10,455 | 10,286 | 17,314 |
| | (e) Short-term loans and advances | 42,987 | 29,942 | 60,282 | 41,267 |
| | (f) Other current assets | 46,906 | 39,415 | 67,070 | 54,913 |
| | **Sub-total-Current assets** | **268,885** | **245,792** | **377,615** | **352,160** |
| | **TOTAL ASSETS** | **415,862** | **365,121** | **639,128** | **528,922** |

Note :
1. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 16th May, 2013.
2. The figures for the quarter ended 31st March-13 are the balancing figures between audited figures in respect of full financial year and the published year to date figures upto the third quarter of the current financial year.
3. The previous Period's/Year's figures have been regrouped/ rearranged wherever considered necessary.
4. ISCR = Earning before interest and tax / Interest Expenses. DSCR = Earning before interest and tax / (Interest + Principal Repayment of long term debt during the year). Debt Equity Ratio = Loan Fund / Share Capital & Reserves (excluding revaluation reserve & debenture redemption reserve).
5. The Board has recommended dividend of ₹ 1.5 per equity share of ₹ 2/- each of the Company.

By Order of the Board of Directors
For KALPATARU POWER TRANSMISSION LTD.
RANJIT SINGH
Managing Director

Place : Mumbai
Dated : 16th May, 2013

Please visit our website: www.kalpatarupower.com